بسم اللہ الرحمن الرحیم نحمدہ ونصلی علی رسولہ الکریم وعلی عبدہ المسیح الموعود
لا الہ الا اللہ محمد رسول اللہ
دفتر مجلس انصاراللہ بھارت
Office Of The Majlis Ansarullah Bharat
Mohallah Ahmadiyya Qadian-143516, Distt.Gurdaspur (Punjab) INDIA
Ph:+91-1872-220186, Fax: +91-1872-224186, Mob. +91-98154-94687, E-mail:ansarullahbharat@gmail.com
نمبر حوالہ/Ref ________ تاریخ/Date ________

# આંહઝરત (સ.અ.વ.)ના સાચા ગુલામ હઝરત મસીહ મૌઉદ (અ.સ.)ની શફકતો અને ઉમદા નૈતિકતાનું પ્રેરણાદાયક અહેવાલ

أَشْهَدُ أَنْ لَا إِلٰهَ إِلَّا اللّٰهُ وَحْدَهُ لَا شَرِيْكَ لَهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُوْلُهُ أَمَّا بَعْدُ فَأَعُوْذُ بِاللّٰهِ مِنَ الشَّيْطٰنِ الرَّجِيْمِ۔
بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ اَلْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ۔ الرَّحْمٰنِ الرَّحِيْمِ۔ مٰلِكِ يَوْمِ الدِّيْنِ۔
اِيَّاكَ نَعْبُدُ وَاِيَّاكَ نَسْتَعِيْنُ۔ اِهْدِنَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ۔
صِرَاطَ الَّذِيْنَ اَنْعَمْتَ عَلَيْهِمْ غَيْرِ الْمَغْضُوْبِ عَلَيْهِمْ وَلَا الضَّآلِّيْنَ۔

**સારાંશ ખુત્બા જુમ્મા સૈયદના અમીરુલ મોમિનીન હઝરત મિરઝા મસરૂર અહમદ ખલીફતુલ મસીહ અલ ખામીસ અય્યદહુલ્લાહ તઆલા બિનસરિહીલ અઝીઝ.**

**તા. 03 જુલાઈ 2026 સ્થળ: મસ્જિદ મુબારક, ઈસ્લામાબાદ, (યુ.કે)**

તશહહુદ, તઆઉઝ, અને સુરાહ ફાતિહા અને સુરાહની તિલાવત બાદ, હઝૂર અનવર અય્યદહુલ્લાહ તઆલાએ ફરમાવ્યું: હું હઝરત મસીહ મૌઉદ (અ. સ.)ની શફકતો અને ઉદારતાના થોડા કિસ્સાઓ રજૂ કરીશ.

હઝરત શેખ યાકુબ અલી ઈરફાની (રઝી) લખે છે કે આપ (અ.સ.)ની ભેટ એક અનંત નદી હતી અને આપ (અ.સ.)નો હાથ રત્નોના વાદળ જેવો હતો, તે વરસતો હતો અને સિંચન કરતો રહેતો, અને રમઝાન મહિનામાં આ પ્રક્રિયા ખૂબ જ વધી જતી હતી.

અબ્દુલ ગફ્ફાર કાશ્મીરી સાહેબ વર્ણવે છે કે જ્યારે તેમના લગ્ન થયા, ત્યારે હઝરત મસીહ મૌઉદ (અ.સ.)એ તેમને બે કિંમતી રત્નો આપ્યા, અને આ હઝુર (અ.સ.)ની બઅસત પહેલાની વાત છે, જ્યારે આપ (અ.સ.) હજુ પણ એકાંત જીવન જીવી રહ્યા હતા.

માતા બશીર સાહેબા ભટ્ટી બયાન કરે છે કે હઝરત મિર્ઝા બશીરુદ્દીન મહમૂદ અહમદ સાહેબ (રઝી)ના લગ્ન પ્રસંગે, એક કબીલાની મહિલા ઢોલ લઈને આવી અને તેને વગાડવા લાગી. હઝૂર (અ.સ.)એ ફરમાવ્યું કે 'તેણીને કહો કે તે ન વગાડે અને જે કંઈ માંગે તે આપી દો. તેથી તેણીને ચાર કે પાંચ રૂપિયા આપવામાં આવ્યા. પછી તેણીએ કહ્યું, 'મને ઠંડી લાગે છે. આ સાંભળીને, આપ (અ.સ.)એ તેણીને એક ધાબળો પણ આપ્યો.

હઝરત મિર્ઝા બશીર અહમદ સાહેબ જણાવે છે કે સૌ પ્રથમ, એ નોંધવું જોઈએ કે આપ (અ.સ.)ને કોઈ ખાસ પ્રકારના કપડાંનો શોખ નહોતો. છેલ્લા કેટલાક વર્ષોમાં, આપ (અ.સ.)ને ઘણા બધા તૈયાર કપડાં મળતા હતા, ખાસ કરીને કોટ વગેરે. પાઘડીઓ ઘણીવાર પોતે જ ખરીદતા અને બાંધતા. જેમ કપડાં બનાવવામાં આવતા હતા, તેમ તે ખર્ચ પણ કરવામાં આવતા હતા. (એટલે કે, તે તબરરૂક માંગનારાઓને આપવામાં આવતા હતા.)

હઝરત મીર મહેદી હુસૈન સાહેબ વર્ણવે છે કે એક વાર મૌલવી મુહમ્મદ અહેસાન સાહેબે મને ચશ્મા-એ-મસીહની નકલ માંગી. મેં જવાબ આપ્યો કે હઝુર (અ.સ.)એ ફરમાવ્યું છે કે ઓફિસમાં આટલી નકલો ઉપલબ્ધ હોવી જોઈએ કારણ કે ક્યારેક સરકાર તેમની તલબ (વિનંતી) કરે છે. હવે કોઈ નકલ વધારાની નથી. તમે હઝરત સાહેબ (અ.સ.)ને લખીને વિનંતી કરી શકો છો. હઝરત સાહેબે લખ્યા પછી તમને એક નકલ આપી.

હઝરત મુન્શી ઝફર અહેમદ સાહેબ બયાન કરે છે કે હઝૂર (અ.સ.) પાસે મશ્ક હતી. એક વાર મેં કહ્યું, 'હઝૂર! મારે મશ્ક જોઈએ છે.' હઝૂર (અ.સ.)એ મારી સામે ડબ્બી મૂકી અને મને તેમાંથી જેટલું જોઈએ તેટલું લેવા કહ્યું. મેં તેમાંથી થોડું લીધું અને હઝૂર (અ.સ.)એ સ્મિત કરીને ફરમાવ્યું, 'આ તો કંઈ નથી.' પછી હઝૂર (અ.સ.)એ મને લગભગ તોલા દોઢ તોલા મશ્ક આપી.

આપ (અ.સ.)ના દિલમાં પોતાના મિત્રો માટે કેટલું દર્દ હતું તેનો એક કિસ્સો નીચે મુજબ છે. હઝરત હકીમ ફઝલુર રહેમાન સાહેબ (રઝી) બયાન કરે છે કે મારી પત્નીએ એક બાળકને જન્મ આપ્યો અને સાતમા દિવસે, મગરિબ નજીક, તેણીમાં આંચકીના લક્ષણો દેખાવા લાગ્યા. હું મગરિબ પછી હઝુર (અ.સ.) પાસે દોડી ગયો. હઝુર (અ.સ.)એ ફરમાવ્યું કે આ એક ખૂબ જ ખતરનાક રોગની શરૂઆત છે. તમારે તમારી પત્નીને હિંગ આપવી જોઈએ અને દોઢ કલાક પછી મને જાણ કરવી. હું ઈશા પછી ફરીથી ગયો અને કહ્યું કે રોગ વધ્યો છે. હઝુર (અ.સ.) વિવિધ દવાઓ આપતા રહ્યા પણ રોગ વધતો રહ્યો. એક સમયે દર્દીને ઉલટી થઈ, જે આ રોગનો છેલ્લો તબક્કો છે, જેના પછી તેણીને શ્વાસ લેવામાં તકલીફ પડી, તેની ગરદન પાછળની તરફ વળેલી, તેની આંખોમાં અંધારો આવી ગયો અને તેની જીભ બંધ થઈ ગઈ. હું દોડીને સીડીઓ ચઢયો. મારો અવાજ સાંભળીને હઝૂર (અ.સ.)એ દરવાજો ખોલ્યો અને ફરમાવ્યું, 'ઠીક છે?' મેં કહ્યું કે હવે તેની હાલત ખૂબ જ નાજુક થઈ ગઈ છે. બધી વિગતો સાંભળ્યા પછી હઝૂર (અ.સ.)એ ફરમાવ્યું કે આપણે દુનિયાના બધા શસ્ત્રોનો ઉપયોગ કરી લીધો છે. હવે ફક્ત એક જ શસ્ત્ર બાકી છે, જે દુઆ છે. તમે જાઓ! હવે હું દુઆથી ત્યારે જ માથું ઊંચું કરીશ જ્યારે તે સ્વસ્થ થશે.

આ સાંભળીને હું પાછો ફર્યો અને મારી પત્નીને કહ્યું, 'હવે તને શું ચિંતા છે, હવે ઠેકેદારે પોતે જ કોન્ટ્રાક્ટ લઈ લીધો છે?' તે સમયે રાત્રિના બે વાગ્યા હતા. હું ઘરે આવ્યો, દર્દીને એ જ હાલતમાં છોડીને બીજા રૂમમાં જઈને સૂઈ ગયો. સવારે હું વાસણના અવાજથી જાગી ગયો અને જોયું કે મારી પત્ની સ્વસ્થ થઈ ગઈ છે. તેણે મને કહ્યું કે તમે સૂઈ રહ્યા હતા. બે કલાક પછી, અલ્લાહ તઆલાએ ફઝલ (કૃપા) કરી.

હઝુર અનવરે ફરમાવ્યું કે આ ઘટના મિત્રો માટેનું દુઃખ અને અતા બંનેના ઉચ્ચતમ ધોરણોને છતા કરે છે.

એકવાર, કાદિયાનના એક વિરોધીને તેના એક પ્રિયજન માટે કસ્તુરીની જરૂર હતી. કસ્તુરી મળતી ન હતી, બલ્કે તે ખૂબ જ મૂલ્યવાન વસ્તુ હતી. તે હઝુર (અ.સ.)ના દરવાજા પર ગયો અને કસ્તુરી માંગી. હઝુર (અ.સ.)એ તરત જ તેને લગભગ અડધો તોલા કસ્તુરી આપી દીધી.

જ્યારે પ્લેગ ફાટી નીકળ્યો, ત્યારે હઝુર (અ.સ.)એ, અલ્લાહ તઆલાની વહી અને જ્ઞાન હેઠળ, એક દવા તૈયાર કરવાનું શરૂ કર્યું અને તેને તર્યાકે ઈલાહી નામ આપ્યું. આ દવામાં હજારો રૂપિયાના રત્નો ઉમેરવામાં આવ્યા, ઘણી કિંમતી દવાઓ ઉમેરવામાં આવી. જ્યારે આ દવા તૈયાર થઈ, ત્યારે હઝુર (અ.સ.)એ તેને ખૂબ જ ઉદારતાથી વહેંચી. તેઓ પોતાના ખર્ચે બહારથી માંગનારાઓને રજિસ્ટર્ડ પાર્સલ પણ મોકલતા રહ્યા.

હઝરત મુફ્તી મુહમ્મદ સાદિક સાહેબ (રઝી)એ તેમના પત્રમાં હઝુર (અ.સ.)ને જણાવ્યું હતું કે ગર્ભાવસ્થાને કારણે ઘરમાં એવી સમસ્યા છે કે ભોજન બનાવી શકાતું નથી. રોટલી તંદૂર પર રાંધવામાં આવે છે, પરંતુ નોકરાણી માટે તે મુશ્કેલ છે, અને વિનંતી કરી કે ભોજન લંગરમાંથી આપવામાં આવે. આથી, હઝુર (અ.સ.)એ લંગરના ઈન્ચાર્જ (પ્રભારી)ને સૂચના આપી કે મુફ્તી સાહેબને દિવસમાં બે વખત લંગરમાંથી સારું શાક આપવામાં આવે.

એકવાર, સંશોધન માટે એક પ્રતિનિધિમંડળ નસીબેન મોકલવાનું નક્કી થયું. હઝુર (અ.સ.)એ પ્રતિનિધિમંડળના સભ્યોને તૈયારી માટે પચાસ પચાસ રૂપિયા આપ્યા. પછી, કોઈ કારણોસર, પ્રતિનિધિમંડળ જઈ શક્યું નહીં. જ્યારે પ્રતિનિધિમંડળના એક સભ્યે પચાસ રૂપિયા પરત કરવા માંગતા હતા, ત્યારે હઝુર (અ.સ.)એ ફરમાવ્યું કે અમે કોઈને આપેલા પૈસા પાછા લેતા નથી.

એકવાર લંગર માટેનો ખર્ચ પૂરો થઈ ગયો તો હઝુર (અ.સ.)એ ફરમાવ્યું, 'બીબી સાહિબા પાસેથી થોડા ઘરેણાં લો અને શક્ય તેટલા વેચી નાખો અને ખાવા-પીવાની વ્યવસ્થા કરો.' બે દિવસ પછી, જ્યારે ખર્ચ ફરી પૂરો થયો, ત્યારે હઝુર (અ.સ.)એ ફરમાવ્યું, 'અમે દેખીતા કારણોસર વ્યવસ્થા કરી હતી, હવે અમને તેની જરૂર નથી. જેના મહેમાનો હશે તે પોતે વ્યવસ્થા કરશે.' તેથી જ્યારે સવારે આઠ કે નવ વાગ્યે પત્ર આવ્યો, ત્યારે તેના હાથમાં લગભગ દસથી પંદર મની ઓર્ડર હતા, જે સો સો પચાસ પચાસ રૂપિયાના હતા, જે અલગ અલગ જગ્યાએથી આવ્યા હતા. હઝુર (અ.સ.)એ તે મની ઓર્ડર મેળવ્યા અને પછી તવક્કલ પર ભાષણ આપ્યું.

એકવાર, જ્યારે દુકાળ પડ્યો, ત્યારે હઝુર (અ.સ.)એ આદેશ આપ્યો કે લંગરમાં લોટ રાંધવામાં આવે અને રોટલી બનાવવામાં આવે. જે લોકો રોટલી માંગે છે તેમને રોટલી આપવામાં આવે અને કોઈ ખાલી હાથે ન જવો જોઈએ.

શેખ હામિદ અલી સાહેબ (રઝી) જણાવે છે કે તેમના જીવનના અંત સુધી, હઝુર (અ.સ.)એ ક્યારેય મારી પાસેથી હિસાબ માંગ્યો નહીં કે ક્યારેય મારાથી નારાજ થયા નથી. હઝરત શેખ અહમદ દીન સાહેબ(રઝી)ને એકવાર હઝુર (અ.સ.)એ કોઈ કામ માટે મોકલ્યા અને બીજા દિવસે વહેલા આવવાની સૂચના આપી. તેઓ જણાવે છે કે જ્યારે હું બીજા દિવસે મોડો પહોંચ્યો ત્યારે હઝુર (અ.સ.)એ મારી સંભાળ રાખવા માટે એક માણસ મોકલ્યો હતો. જ્યારે હું હઝુર (અ.સ.)ની સેવામાં પહોંચ્યો, ત્યારે હઝુર (અ.સ.)એ પહેલી વાત કહી કે તમને કોઈ તકલીફ તો નથી થઈને. હઝુર

(અ.સ.)એ હાલ-ચાલ વિશે પૂછ્યું તેથી મારું હૃદય ખુશીથી ભરાઈ ગયું. જ્યારે મેં હિસાબ આપવા માંગ્યો, ત્યારે હઝુર (અ.સ.)એ ફરમાવ્યું: અમારી અને તમારી વચ્ચે શું હિસાબ? આ પૈસા તમારી પોતાની જરૂરિયાતો પર ખર્ચ કરી લો. .

હઝરત હકીમ મૌલવી નૂરુદ્દીન સાહેબે એકવાર હઝુર (અ.સ.) પાસેથી કેટલાક પૈસા ઉછીના લીધા. જ્યારે આપે ઉછીના પૈસા પાછા મોકલાવ્યા ત્યારે હઝુર (અ.સ.ને તે ગમ્યું નહીં અને ફરમાવ્યું કે તમે અમારા પૈસાને તમારા પૈસાથી અલગ માનો છો.

હઝરત શેખ યાકુબ અલી સાહેબ ઈરફાની લખે છે કે જ્યારથી હઝરત અકદસે પોતાના મિશનની જાહેરાત કરી અને લોકોને એ પણ ખબર પડી કે ખુદા તઆલાએ તેમને ખુશખબર આપી છે કે રાજાઓ તેમના કપડાંમાંથી બરકત શોધશે, લોકો સામાન્ય રીતે આપની પાસે કપડાં માંગતા હતા અને આપ ક્યારેય કોઈને જવાબ આપતા નહોતા અને ક્યારેક એવું બનતું હતું કે કપડાં આપના શરીર પર જ રહી જતાં હતા અને બધા આપી દેવામાં આવતા હતા.

એકવાર, એક ગરીબ સ્ત્રીએ હઝરત મસીહ મૌઉદ (અ.સ.)ના ઘરમાંથી ચોખા ચોરી લીધા. લોકોએ તેને જોઈ લીધી અને ત્યાં હંગામો મચી ગયો. તે સમયે હઝરત મસીહ મૌઉદ (અ.સ.) પોતાના રૂમમાં કામ કરી રહ્યા હતા. હંગામો સાંભળીને તેઓ બહાર આવ્યા અને જોયું કે એક ગરીબ, થાકેલી સ્ત્રી હાથમાં ચોખાની એક નાની પોટલી લઈને ઉભી હતી. હઝરત મસીહ મૌઉદ (અ.સ.)ને આ ઘટનાની જાણ થઈ અને જ્યારે આપે ગરીબ સ્ત્રીનો દેખાવ જોયો, ત્યારે આપનું હૃદય બેસી ગયું. આપે ફરમાવ્યું, 'તે ભૂખી અને ગરીબ લાગે છે. તેને થોડા ચોખા આપી તેને જવા દો. તેને વધુ આપો અને ખુદાની સત્તારીની શૈલી અપનાવો.' હઝરત મિર્ઝા બશીર અહમદ સાહેબ આ ઘટનાનું વર્ણન કરતા લખે છે કે ઉતાવળિયો વ્યક્તિ આ ઘટના પર કહી શકે છે કે આ ચોરીને પ્રોત્સાહન આપવાની વાત છે અથવા તે ચોર છે અને તમે તેને હિંમતવાન બનાવી રહ્યા છો. પરંતુ સમજદાર લોકો સમજે છે કે જ્યારે મિલકત પોતે હઝરત મસીહ મૌઉદની હતી અને તે લેનારી સ્ત્રી ભૂખથી મરી રહી હતી, તો આ ચોરીમાં મદદ કરવાનો પ્રકાર નથી પરંતુ વાસ્તવમાં ગરીબોને ખોરાક આપવાનો સમાવેશ થાય છે. હદીસો પરથી સાબિત થાય છે કે આંહઝરત (સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમ) પણ એવી પરિસ્થિતિઓમાં જ્યારે ચોરી કરનાર ખૂબ ગરીબ હોય અને ભૂખની સ્થિતિમાં ખોરાકની ચોરી કરી લે. તો તેને ચોર માનતા નહોતા, પરંતુ તેનાથી આંખ આડા કાન કરતા હતા. આ છે પોતાના આકાની સંપૂર્ણ ઈત્તેબાઅના ઉદાહરણો.

اللهم صل على محمد وعلى عبدك المسيح الموعود وبارك وسلم

******

اَلْحَمْدُلِلّٰهِ نَحْمَدُهٗ وَنَسْتَعِيْنُهٗ وَنَسْتَغْفِرُهٗ وَنُؤْمِنُ بِهٖ وَنَتَوَكَّلُ عَلَيْهِ وَنَعُوْذُ بِاللّٰهِ مِنْ شُرُوْرِ اَنْفُسِنَا وَمِنْ سَيِّئَاتِ اَعْمَالِنَا مَنْ يَّهْدِهِ اللّٰهُ فَلَا مُضِلَّ لَهٗ وَمَنْ يُّضْلِلْهُ فَلَا هَادِيَ لَهٗ وَنَشْهَدُ اَنْ لَّآ اِلٰهَ اِلَّا اللّٰهُ وَنَشْهَدُ اَنَّ مُحَمَّدًا عَبْدُهٗ وَرَسُوْلُهٗ عِبَادَ اللّٰهِ رَحِمَكُمُ اللّٰهُ اِنَّ اللّٰهَ يَأْمُرُ بِالْعَدْلِ وَالْاِحْسَانِ وَاِيْتَآءِ ذِی الْقُرْبٰی وَيَنْهٰی عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ وَالْبَغْيِ يَعِظُكُمْ لَعَلَّكُمْ تَذَكَّرُوْنَ اُذْكُرُوا اللّٰهَ يَذْكُرْكُمْ وَادْعُوْهُ يَسْتَجِبْ لَكُمْ وَلَذِكْرُ اللّٰهِ اَكْبَرُ۔